### ભારતીય હીરા ઉદ્યોગમાં નવું જોશ લાવવા માટે

# STPL ટૂંક સમયમાં રજૂ કરશે સોઈંગ રોબોટ

## એક કારીગર એક સાથે ૧૦ મશીન ઓપરેટ કરી શકશે

કોરોનાને કારણે સમગ્ર વિશ્વમાં સામાન્ય જનજીવન અને ઔદ્યોગિક ગતિવિધિઓને ઘણી અસર પહોંચી છે. પરંતુ વ્યક્તિગત તકલીફોને બાદ કરતાં આ સમગ્ર ઘટનાક્રમે આપણને સૌને પોતાના જીવનને તથા બિઝનેસને નવી નજરે જોવાની પણ તક આપી છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ હવે ઓનલાઈન શિક્ષણ તરફ વળ્યા છે, જેનાં બહુ દૂરગામી હકારાત્મક પરિણામો આપણને મળશે. એ જ રીતે શરૂઆતમાં વર્ક ફ્રોમ હોમ અને ત્યાર પછી હાઈબ્રિડ વર્ક કલ્ચર વિકસવાને કારણે વિવિધ પ્રકારના બિઝનેસમાં રોજબરોજની પ્રવૃત્તિઓને જુદી રીતે આગળ ધપાવવાની ક્ષમતા કેળવાઈ છે. આપણે એમ કહી શકીએ કે કોરોનાને કારણે વિશ્વમાં નવા પ્રકારના પડકારોને પહોંચી વળવાની એક નવી જ ક્ષમતા વિકસી છે. ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિમાંથી પણ આપણે માર્ગ કાઢી શકીએ છીએ!

ડાયમંડ ઈન્ડસ્ટ્રીની વાત કરીએ તો આપણા આ ઉદ્યોગે ૧૯૭૦-૮૦ના દાયકાથી અત્યાર સુધીમાં ઘણી ઊંચ-નીચ જોઈ લીધી છે. એ સમયે, હીરાને મેન્યુઅલી જ કટ કરવામાં આવતા હતા અને પરિણામે કાચા હીરામાંથી મળવી જોઈએ તેના કરતાં માંડ ૨૫ ટકા જેટલી ઉપજ મળતી હતી. એ પછી ૧૯૮૦-૧૯૮૯ના ગાળામાં કર્ફિંગની સગવડ મળી, તેનાથી હીરા ઉદ્યોગને થોડી ઝડપ મળી, પણ પ્રોસેસ તો હજી પણ મેન્યુઅલ જ રહી.,

૧૯૯૬-૯૭માં સોઈંગ મશીન આવ્યાં અને હીરા ઉદ્યોગને મોટો વેગ મળ્યો કેમ કે તેનાથી આખા હીરાનું ખાસ્સી ચોક્સાઈથી કટિંગ શક્ય બન્યું. પરંતુ હજી પણ આ કામ માનવ કુશળતા પર આધારિત હોવાથી હીરા ઉદ્યોગને જોઈતો નફો મળતો નહોતો.

ત્યાર પછી STPL કંપનીએ લેસર ટેકનોલોજી તથા અન્ય પ્રકારના ઓટોમેશન આધારિત સોલ્યુશન્સ વિકસાવતાં ભારતના હીરા ઉદ્યોગને જાણે નવજીવન મળ્યું. સમગ્ર ઉદ્યોગ ચેતનવંતો બન્યો અને આખા વિશ્વમાં ભારતનાં ડાયમંડ પ્રોસેસિંગ યુનિટ ઝળહળવા લાગ્યાં. લેસર ટેક્નોલોજીના કારણે હીરાના પ્રોસેસિંગના દરેક તબક્કે ચોક્સાઈ અને ઝડપ વધ્યાં, પરિણામે પ્રોડક્શન વધ્યું અને નફો પણ વધ્યો. ભારતનો હીરા ઉદ્યોગ રીતસર ધમધમવા લાગ્યો.

૨૦૧૭માં STPL કંપનીએ ડાયમંડ પ્રોસેસિંગ માટે રોબોટ્સ લોન્ચ કરીને હીરા ઉદ્યોગમાં રીતસર ક્રાંતિ લાવી દીધી. STPL સમગ્ર વિશ્વની એક માત્ર એવી કંપની છે જે ડાયમંડ પ્રોસેસિંગ માટે રોબોટ્સ ઓફર કરે છે.

આપ સૌને જણાવતાં મને અત્યંત આનંદ થાય છે કે કંપની ટૂંક સમયમાં, બિલકુલ અનોખા, અત્યંત આધુનિક ટેક્નોલોજીથી કામ કરતા, હીરા ઉદ્યોગ માટેના પ્રથમ કહી શકાય એવા સોઈંગ રોબોટ્સ લોન્ચ કરી રહી છે. આ નવી રજૂઆત હીરા ઉદ્યોગને કારીગરના રોંગ કટિંગ અને ઊંચા પ્રોડકશન ખર્ચની ઝંઝટમાંથી છૂટકારો આપશે.

અન્ય તમામ ઉદ્યોગોની જેમ હીરા ઉદ્યોગમાં પણ કોરોના પછીના સમયગાળામાં કુશળ કારીગરોની અનિશ્ચિતતા અને અછત વર્તાઈ રહી છે. હવેના સમયમાં ઓફિસમાં કર્મચારીઓ કે ફેક્ટરીમાં કારીગરો વચ્ચે સામાજિક અંતર જાળવવું મહત્ત્વનું છે. કુશળ કારીગરોની ઉપલબ્ધિ પણ લાંબા સમય માટે અનિશ્ચિત રહેવાની છે. નવા કારીગરોને તાલીમ આપીને તૈયાર કરવાનું કામ બહુ ખર્ચાળ છે. હરીફાઈ વધી એટલે ડાયમંડ યુનિટ્સ એકબીજાના કુશળ કારીગરોને ઊંચા પગારે ખેંચી જાય છે. બીજી તરફ, ફરી ગતિશીલ બની રહેલા અર્થતંત્રને ધ્યાને લેતાં, પ્રોડક્શન વધારવાની અને ગુણવત્તાની રીતે સ્પર્ધાત્મક રહેવાનું પણ નિર્ણાયક બનવાનું છે.

આ બધા ઉપરાંત, કારીગરો પર આધારિત રહેવાને કારણે હીરાની ધારી ગુણવત્તા ન મળવાનો પ્રશ્ન તો ઊભો જ રહે છે. જ્યારે કાચા હીરાનું બહુ જટીલ રીતે સોઈંગ અને/અથવા 3D સોઈંગ કરવાનું હોય ત્યારે કુશળ કારીગરો પણ કાચા પડી શકે અને હીરાની ધારી ગુણવત્તા મળે નહીં.

હીરા ઉદ્યોગમાં આ બધી બાબતો કોરોના વાઈરસના પ્રસાર પહેલાં પણ મહત્ત્વપૂર્ણ હતી અને હવે તો ડિજિટલ ટેક્નોલોજી અને ઓટોમેશન અનિવાર્ય બનવા લાગ્યાં છે.

STPLના ડાયમંડ યુનિટ્સ સાથે નજીકથી કામ કરવાના વર્ષોના અનુભવમાં અમે જોયું છે કે ખાસ કરીને સોઈંગ સમયે કારીગરો દ્વારા થતી ભૂલ અને રોંગ કટિંગને કારણે પ્રોસેસિંગ યુનિટ્સને ઘણું નુકસાન વેઠવાનો વારો આવે છે. આ આર્થિક નુકસાન ફક્ત એક હીરાના રોંગ કટિંગ પૂરતું સીમિત હોતું નથી. તેને કારણે સમગ્ર પ્રોડકશન ચેઈનમાં અસરો વર્તાય છે અને નંગ દિઠ પ્રોડકશનની કિમત પણ ઊંચી જાય છે. જે ડાયમંડ યુનિટની વૈશ્વિક સ્પર્ધાત્મક્તાને વિપરિત અસર કરે છે.

STPL કંપનીનો ટૂંક સમયમાં રજૂ થઈ રહેલો સોઈંગ રોબો આ તમામ સમસ્યાઓનો સચોટ ઉપાય આપશે.

આ રોબોટને કારણે ડાયમંડ પ્લાનિંગ પછી કટિંગ અને સોઈંગની પ્રોસેસમાં અસાધારણ ચોકસાઈ અને ઝડપ આવશે. તેમાં માનવભૂલની કોઈ શક્યતાજ ન હોવાથી હાઈ કટિંગ એક્યુરસી મળશે અને રોંગ કટિંગનું પ્રમાણ નહિવત્ થઈ જશે. સોઈંગ રોબોટ્સ પ્લાનર મશીનના પ્લાન મુજબનું એક્ઝેક્ટ કટિંગ કરે છે.

એટલું જ નહીં, ડાયમંડ યુનિટ્સ પ્રોડકશન વધારવા માટે કારીગરો પર આધારિત નહીં રહે. ફક્ત એક કારીગર એક સાથે ૧૦ મશીન ઓપરેટ કરી શકશે.

નવા સમયમાં પ્રોડકશન ખર્ચ શક્ય એટલો ઘટાડવામાં આવે, પ્રોડકશનની ગુણવત્તા વધારવામાં આવે. ઓછા ખર્ચે વધુ ઝડપી કામ થાય એ જ સફળતાનો નવો કાર્યમંત્ર છે. મને પૂરો વિશ્વાસ છે કે STPLના નવા સોઈંગ રોબોટના સાથમાં આપણો હીરા ઉદ્યોગ નવી ઊંચાઈઓ સર કરશે.

આવનારા સમયમાં રોબોટિક્સ અને ઓટોમેશન જ હીરા ઉદ્યોગને ધબકતો રાખી શકશે. એટલું સ્પષ્ટ છે કે અત્યારના સમયમાં હીરા ઉદ્યોગમાં ડિજિટલ સોલ્યુશન્સ મહત્વ પારખનારા ડાયમંડ પ્રોસેસર્સ, નવા વધુ સ્પર્ધાત્મક વિશ્વમાં બીજા કરતાં આગળ રહી શકશે. રોબોટિક્સ અને ઓટોમેશન્સને કારણે ઓછા સમયમાં, ઓછી જગ્યામાં અને ઓછા કારીગરો સાથે વધુ ઝડપથી, વધુ પ્રમાણમાં અને વધુ સારી ગુણવત્તાનું પ્રોડક્શન મેળવી શકાય છે. STPL કંપનીએ ડાયમંડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીમાં ટેકનોલોજીસની વિસ્તૃત શ્રેણી તથા મૂલ્ય આધારિત અભિગમથી પોતાની આગવી અને અત્યંત મજબૂત ઓળખ ઊભી કરી છે. આજે સમગ્ર વિશ્વમાં ૨૫થી વધુ દેશો અને છ ખંડોમાં STPL કંપનીની ૧૫,૦૦૦ ડાયમંડ પ્રોસેસિંગ ટેકનોલોજીસ કાર્યરત છે. ૧૯૯૩માં સ્થાપિત STPL હીરા ઉદ્યોગ માટે અત્યાધુનિક ટેક્નોલોજિકલ સોલ્યુશન્સ ડેવલપ કરે છે. આજે સમગ્ર વિશ્વના હીરા ઉદ્યોગમાં STPL એક માત્ર એવી કંપની છે જે ડાયમંડ મેન્યુફેક્ચરિંગની સમગ્ર પ્રક્રિયા, જેમ કે ડાયમંડ એનાલિસિસ અને પ્લાનિંગ, ડાયમંડ કટિંગ, બ્લોકિંગ અને સેફ ડાયમંડ ટ્રેડિંગ સુધીની તમામ પ્રક્રિયાઓ માટે ટોટલ ટેક્નોલોજી સોલ્યુશન્સ વિક્સાવે છે. STPLનાં આધુનિક ટેકનોલોજિકલ સોલ્યુશન્સ લેસર ટેક્નોલોજીને આગળ ધપાવે છે અને ઓછા ખર્ચે વધુ ઉત્પાદન સુનિશ્ચિત કરે છે. STPL કંપની ક્રિએટીવ અને ઈનોવેટિવ ટેલેન્ટ ધરાવે છે જે હીરા ઉદ્યોગમાં શ્રેષ્ઠતા લાવવાના લક્ષ્યને સમર્પિત છે. રોબોટ પ્લાનર પછી સોઈંગ રોબોટ પણ એ જ દિશામાંનું, કંપનીનું વધુ એક મક્કમ પગલું છે.



રાહુલ ગાયવાલા
CEO- STPL

# અલરોસાની ૨૦૨૧ આવક ૫૦% વધીને ૩૩૨ બિલિયન રુબી સુધી પહોંચી



વેચાણ મિશ્રણમાં ફેરફારને કારણે કંપનીની Q4 આવક અગાઉના Q3 2021ની તુલનામાં 8% ઘટી હતી, તે નોંધ્યું હતું. જો કે, વેચાણમાં ઘટાડો આંશિક રીતે ઊંચા ભાવો અને વેચાણના જથ્થામાં વધારો દ્વારા સરભર કરવામાં આવ્યો હતો. અલરોસાના સંપૂર્ણ વર્ષના વેચાણમાં 45 .5 મિલિયન કેરેટના રેકોર્ડ ઉચ્ચ સ્તરે 1.4 ગણો વધારો જોવા મળ્યો, જેમાં 2021 માં ગોખરણની હરાજીમાં ખરીદેલા 1.4 મિલિયન કેરેટનો સમાવેશ થાય છે.

ડાયમંડ સિટી. સુરત

હીરાની ખાણકામ કરતી અગ્રણી અલરોસાની સંપૂર્ણ વર્ષ 2021ની આવક 50% વધીને 332 બિલિયન થઈ છે. જે કુલ રફ હીરાના વેચાણમાં 42% વૃદ્ધિ અને જેમ હીરાના ભાવ સૂચકાંકમાં 13%નો વધારો થયો છે. જેમાં તેણે ઈન્વેન્ટરીઝમાંથી 9.9 મિલિયન કેરેટ સહિત 17 મિલિયન કેરેટનું વેચાણ કર્યું હતું) ની તુલનામાં કંપનીની Q4 આવક વાર્ષિક ધોરણે 28% ઘટીને 71 બિલિયન રૂબી ) થઈ ગઈ છે. વેચાણ મિશ્રણમાં ફેરફારને કારણે કંપનીની Q4 આવક અગાઉના Q3 2021ની તુલનામાં 8% ઘટી હતી, તે નોંધ્યું હતું.

જો કે, વેચાણમાં ઘટાડો આંશિક રીતે ઊંચા ભાવો અને વેચાણના જથ્થામાં વધારો દ્વારા સરભર કરવામાં આવ્યો હતો. અલરોસાના સંપૂર્ણ વર્ષના વેચાણમાં 45.5 મિલિયન કેરેટના રેકોર્ડ ઉચ્ચ સ્તરે 1.4 ગણો વધારો જોવા મળ્યો, જેમાં 2021 માં ગોખરણની હરાજીમાં ખરીદેલા 1.4 મિલિયન કેરેટનો સમાવેશ થાય છે. ઉચ્ચ માંગ અને મર્યાદિત પુરવઠાએ જાન્યુઆરી-ડિસેમ્બર 2021માં 33% વધારો પહોંચાડવાની સાથે અનુક્રમે આખા વર્ષમાં અને Q4 2021માં સરેરાશ ભાવ સૂચકાંકમાં 13% જેટલી વૃદ્ધિ તરફ આગળ વધી છે. અલરોસાનો Q4 ચોખ્ખો નફો મુખ્યત્વે નીચી નફાકારકતાને કારણે 51% ઘટીને 12 બિલિયન થયો છે. સંપૂર્ણ વર્ષ 2021નો ચોખ્ખો નફો 2.8x વધીને 91 ($921.5 બિલિયન થયો છે જેની સામે 2020 માં 32 બિલિયનનો ચોખ્ખો નફો થયો છે.

### અલરોસાના સીએફઓ, એલેક્સી ફિલિપોવસ્કીએ જણાવ્યું હતું કે,

**જ્વેલરીની Q4 માંગ સતત બે આંકડામાં વધી રહી છે. 2021માં, ડાયમંડ જ્વેલરીના વેચાણે $84 બિલિયનનો નવો રેકોર્ડ બનાવ્યો, જે 2018-2019ના અગાઉના રેકોર્ડ કરતાં 10% વધારે છે. રફ હીરાનું વેચાણ વિશ્વભરમાં 138 મિલિયન કેરેટ સુધી પહોંચ્યું છે, જેમાં કુલ ઉત્પાદન 115 મિલિયન કેરેટ છે. H1 2021 માં, અગાઉ એકઠા થયેલા સ્ટોક્સે માંગને પહોંચી વળવામાં મદદ કરી. Q3 2021 થી શરૂ કરીને, ખાણકામ કંપનીઓએ તેમની ઇન્વેન્ટરી ખતમ કરી દીધી છે અને હવે તાજા ઉત્પાદિત રફ હીરાની સપ્લાય કરે છે. પ્રારંભિક અંદાજ મુજબ, આગામી વર્ષોમાં વૈશ્વિક હીરાનું ઉત્પાદન 110-120 મિલિયન કેરેટ રહેશે.**